ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમને વર્ષ ૨૦૧૫-૧૬ માટે શેરમુડીની ફાળવણી બાબત...
રૂ.૭૫.૦૦ લાખ...

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:-અવક/૧૩૦૫/આઈ-૨/જ,
સચિવાલય, ગાંધીનગર.

તા:- 15 MAR 2016

વંચાણમાં લીધા:-

૧. ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગરનો તા:૧૩/૦૧/૨૦૧૫નો પત્ર ક્રમાંક:અવિકો/નાણાં/શેરમુડી/૨૦૧૪-૧૫/૨૦૨૫.
૨. ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગરનો તા:૦૪/૧૨/૨૦૧૫નો પત્ર ક્રમાંક:અવિકો/નાણાં/૨૦૧૫-૧૬/૪૧૩૦.

આમુખ:

વંચાણે લીધેલ ક્રમાંક-૧ પરના ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમના પત્ર મુજબ નિગમની ઓથોરાઈઝડ શેરમુડી રૂ.૫૦.૦૦ કરોડમાંથી રાજ્ય સરકારના ૫૧%ના ફાળા મુજબ રૂ.૨૫૫૦.૦૦ લાખમાંથી રૂ.૨૪૭૫.૦૦ લાખની ફાળવણી વર્ષ:૨૦૧૪-૧૫ સુધીમાં કરવામાં આવેલ છે. આમ રાજ્ય સરકારશ્રીના ફાળાની હવે ફકત રૂ.૭૫.૦૦ લાખ શેરમુડી ફાળવવાની બાકી રહે છે. વર્ષ:૨૦૧૫-૧૬માં ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ માટે આયોજન સદરે રૂ.૧.૧૦ કરોડની જોગવાઈ કરેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક-૨ પર દર્શાવેલ તા:૦૪/૧૨/૨૦૧૫ના પત્રથી નિગમ દ્વારા વર્ષ:૨૦૧૫-૧૬માં કરવામાં આવેલ જોગવાઈમાંથી રૂ.૧૦૦.૦૦ લાખની શેરમુડી ફાળવવા દરખાસ્ત કરેલ છે.

ઠરાવ:

ગુજરાત અનુસુચિત જાતિ અતિ નિગમની ઉકત દરખાસ્ત પરત્વે પુખ્ત વિચારણાને અંતે વર્ષ:૨૦૧૫-૧૬માં કરેલ બજેટ જોગવાઈમાંથી રાજ્ય સરકારનો બાકી રહેતો રૂ.૭૫.૦૦ લાખનો (રૂપીયા પંચોતેર લાખ પુરા) શેરમુડી ફાળો નિગમના હવાલે નીચેની શરતોને આધીન મૂકવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

૧) ભારત સરકારને કરવાની થતી દરખાસ્તો સમયસર કરવાની જવાબદારી/મળવાપાત્ર થતો હિસ્સો સમયસર મેળવી લેવા માટે અસરકારક કાર્યવાહી કરવાની જવાબદારી ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમના મેનેજીંગ ડિરેક્ટરશ્રીની રહેશે.



શાહોમ્
૧૮/૦૩/૧૬

૨) ગુજરાત અનુસુચિત જાતિ નિગમએ તેમના ઓડિટ હિસાબો વર્ષ પુરૂ થયે સમયસર આખરી કરી રજુ કરવાના રહેશે.

૩) શેરમુડીનો ઉપયોગ કરકસરયુકત અને નિયમોનુસાર કરવાનો રહેશે.

૪) આ શેરમુડી નાણાં વિભાગના પરિપત્રો/ઠરાવો/નિયમો મુજબ ખર્ચ કરવાનો રહેશે.

આ અંગે થનાર ખર્ચ ચાલુ વર્ષમાં થયેલ બજેટ જોગવાઈ માંગણી નંબર-૯૫ આયોજન સેક્ટર-(ખ), સામાજિક સેવાઓ, મુખ્ય સદર-૪૨૨૫-અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગનું કલ્યાણ અંગે મુડી ખર્ચ જોગવાઈ, પેટા મુખ્ય સદર-૦૧-અનુસૂચિત જાતિઓનું કલ્યાણ, ગૌણ સદર-૧૯૦—જાહેર ક્ષેત્રો અને અન્ય ઉપક્રમોમાં મુડી રોકાણ, પેટા સદર-૦૧, બીસીકે-૪૦-અનુસૂચિત જાતિ વિકાસ નિગમનો શેરમુડી ફાળો (આયોજન) સદરે થયેલ જોગવાઈમાંથી મેળવવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા:૦૩/૦૩/૨૦૧૬ની નોંધથી મળેલ સમંતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે.આર.મહેતા)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન. મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/ રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, ૧૦/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. ઉકત ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા વિનંતી સહ.
- સેક્શન અધિકારીશ્રી(અ-શાખા), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- પસંદગી ફાઇલ.